**શ્રી બી.એસ.ભટ્ટ, પ્રમુખ અધિકારી, મજૂર અદાલત નં.૧, અમદાવાદ સમક્ષ**
**રેફરન્સ (ટી) નં.૭૩/૨૦૧૭**

(૧) સિસ્ટોનીકસ (ઈન્ડીયા) લી.,
૮૯, ૯૨, જી.આઈ.ડી.સી., નરોડા,
અમદાવાદ.

(૨) ફર્સ્ટકેર કોર્પોરેશન,
૬, સુંદરવન શોપીંગ સેન્ટર,
નોબલ ટેનામેન્ટ પાસે, કુબેરનગર,
અમદાવાદ–૩૮૨૩૪૦. ... **પ્રથમ પક્ષકાર**

**વિરૂધ્ધ**

સુરજ ઉપેન્દ્રભાઈ તિવારી,
ખોડીયારનગર વિભાગ–૧, નોબલનગરની બાજુમાં,
નોબલનગર, અમદાવાદ.
૮/૦, ગુજરાત મઝદુર પંચાયત,
ડો.લોહીયાસદન ઓઢવ રોડ,
ઓઢવ, અમદાવાદ–૩૮૨૩૪૦. ... **બીજા પક્ષકાર**

**<u>વિષય :– આઈ.ડી.એકટની કલમ–૧૦(૧)(સી) મુજબ ઔધોગિક વિવાદ</u>**

પ્રથમ પક્ષકાર નં.૧ તરફે : વિ.વકીલશ્રી પી.આઈ.શાહ.
પ્રથમ પક્ષકાર નં. ૨ તરફે : વિ.વકીલશ્રી અલ્પેશ એમ.પટેલ.
બીજા પક્ષકાર તરફે : વિ. પ્રતિનિધિશ્રી એસ.બી.મિશ્રા.

**<u>–:: એ વો ર્ડ ::–</u>**

**(૧)** મદદનીશ શ્રમ આયુકતશ્રીની કચેરી, અમદાવાદના તા.૩૦/૦૯/૨૦૧૬ ના ક્રમાંક : નાશ્રઆ/ અવિ/ વિભાગ–૩ /આઈડીઆર નં.૨૪૩/૨૦૧૬/૧૮૨૧૩ ના પત્રથી બીજા પક્ષકાર સુરજ ઉપેન્દ્રભાઈ તિવારીનાએ આઈ.ડી.આર. કેસ નં.૨૪૩/૨૦૧૬ અંતર્ગત નોકરીમાં પુન:સ્થાપિત થવા તથા અન્ય આનુસાંગિક લાભો મેળવવા ફરીયાદ કરેલી તેમાં સમાધાન શકય બનેલ નથી તેથી ઔધોગિક વિવાદ (સુધારા) અધિનિયમ ૨૦૧૦ કે જે કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર વિભાગના જાહેરનામા ક્રમાંક એસ.ઓ. ૨૨૭૮ (ઈ) થી તા.૧૫/૯/૧૦ ના રોજ અમલમાં આવેલ છે જેની કલમ–૩ થી સુધારેલ જોગવાઈ મુજબ ફરીયાદ સીધી મજુર અદાલત, અમદાવાદને કરવાની સુચના આપવામાં આવતા બીજા પક્ષકારે સીધો રેફરન્સ અદાલત સમક્ષ રજુ કરેલ છે.

**<u>અનુસૂચિ :</u>**– સુરજ ઉપેન્દ્રભાઈ તિવારી, ખોડીયારનગર વિભાગ–૧, નોબલનગરની બાજુમાં, નોબલનગર, અમદાવાદને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પગાર સાથે તેમની મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપિત કરવા જોઈએ કે કેમ?

**(૨)** આજરોજ બીજા પક્ષકારે હાજર થઈ આંક–૧૦ ની પુરસીસ રજુ કરેલ તેમાં જણાવેલ વિગતે પ્રથમ પક્ષકાર સંસ્થા સાથે સમાધાન થઈ ગયેલ હોય આ રેફરન્સ આગળ ચલાવવા માગતા નથી અને રેફરન્સ પાછો ખેંચતા હોય તે મુજબ રેફરન્સ વીડ્રોથી ફેંસલ કરવામાં આવે છે. ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

અમદાવાદ.
તા.૨૪–૦૨–૨૦૨૩

(ભરતકુમાર શાંતિલાલ ભટ્ટ)
CODE–GJ00472
પ્રમુખ અધિકારી,
મજૂર અદાલત નં. ૧, અમદાવાદ.

R.C.GOHEL.PA.